	જનસંપર્ક અધીકારી દ્વારા પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર (P.R.O.) ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩ કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦	

તા.૨૮/૦૪/૨૦૨૨ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- **સમાચાર યાદી નં.૭૫૨/૨૦૨૨**

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૭/૦૪/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ. નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૬	૦	૧૧૭૪૬	૧૭૮૫૨	૦	૧૭૮૫૨
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૩૭	૦	૧૩૭	૪૧૬	૦	૪૧૬
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૪૦૭૪	૦	૮૪૦૭૪	૮૫૦૪૪	૦	૮૫૦૪૪
કુલ		૧૦૦૬૯૦	૦	૧૦૦૬૯૦	૧૦૯૫૯૪	૦	૧૦૯૫૯૪

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૮	૪,૮૩,૨૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૦૧	૧૦૦૦/-

નશાબંધી અને જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૭૫૩/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૧૭૮ લીટર દેશી દારૂ, ૧૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૮,૮૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૭૫૪/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૭૫૫/૨૦૨૨**

કાગડાપીઠઃ બળદેવ સ/ઓ હીરાલાલ પારીક (ઉ.વ.૪૨) (રહે. કાવેરી વીલા સોસાયટી મોની હોટલના ખાંચામા નારોલ તા-દસક્રોઇ જી-અમદાવાદ) એ તા.૨૭/૦૪/૨૦૨૨ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે બળદેવ પારીકના મિત્ર વિકાસ ઉર્ફે વિક્રમ ગોપાલદાસ ગોદરા (રહે. નાજીરથ કોલોની મુક્તજીવન સોસાયટી સામે ખોખરા) એ બળદેવ પારીખને વિશ્વાસમાં લઈ કાર ખરીદવા માટે પોતે લોનના હપ્તા ભરવાનુ જણાવી તા.૨૦/૦૮/૨૦૨૦ ના રોજ બલદેવ પરીખના નામે બેંક ઓફ બરોડા અસારવા શાખામાંથી રૂપિયા ૧૦,૦૦,૦૦૦/- લોન લેવડાવી નાણા મેળવી લઈ આજદીન સુધીના સમયગાળા દરમ્યાન રૂપિયા ૨,૨૨,૦૨૪,/- હપ્તા ભરી તે પૈકી બાકી નિકળતા લોનના રૂપિયા ૯,૩૪,૧૦૮/- નહી ભરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.એસ.રબારી ચલાવે છે.

અપમૃત્યુઃ- **સમાચાર યાદી નં.૭૫૬/૨૦૨૨**

બાપુનગરઃ સુરેશભાઈ બલીરામ મૌર્ય (ઉ.વ.૩૮) (રહે. મહાકાળીની ચાલી નાગરવેલ હનુમાનજી મંદિર પાસે અમરાઈવાડી) તા.૨૬/૦૪/૨૦૨૨ કલાક ૫/૪૫ વાગ્યાના સુમારે બાપુનગર હિરાવાડી બસ સ્ટેન્ડ પાસે મધુવન ઈલેક્ટ્રીક નામની સાઈટ ખાતે મજુરી કામ કરતા હતા ત્યારે પાલખ ઉપરથી પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એસ.વી.પી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન રાતના ૮/૫૪ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.આઇ.રબારી ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૭૫૭/૨૦૨૨**

ખોખરાઃ બંસીભાઇ બેચરભાઇ હડીયાલ (ઉ.વ.૫૬) (રહે. રામદેવનગરના કાચા છાપરાં આરતીનગર સામે હાટકેશ્વર ખોખરા) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૪/૨૦૨૨ સાંજના ૭/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે લોખંડના પાઇપના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જી.ડી.પરમાર ચલાવે છે.

દાણીલીમડાઃ ખુરશીદાબાનું વા/ઓ નકીદઆલમ અંસારી (ઉ.વ.૨૨) (રહે. ગુલમહોર સોસાયટી માઝનગર બેરલ માર્કેટ દાણીલીમડા) એ બિમારીથી કંટાળી તા.૨૬/૦૪/૨૦૨૨ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને શીફા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૭/૦૪/૨૦૨૨ રાતના ૧/૪૫ વાગ્યાના સુમારે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી “કે” ડીવીઝન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.